ગાંધીનગર સમાચાર

બંધના એલાનને અનુલક્ષી ગ્રામ્ય વિસ્તારની બસોના પૈડા થંભાવી દેવાયા



(તસવીર : કશ્યપ નિમાવત)

ગુલમહોર - ગાંધીનગરમાં ગ્રીષ્મની સાથે ગુલમહોર અને ગરમાળો જોડાયેલા છે... ગ્રીષ્મના આરંભનો અણસાર જ ગુલમહોરના ફુલ આપે છે... ગાંધીનગરના માર્ગો પર નયનરમ્ય રંગોથી ખીલેલા ગુલમહોર શહેરનો શણગાર બને છે... હજુ ગરમાળો ખીલશે ત્યારે ગાંધીનગરનો નજારો કંઈક વધુ તાજગીપૂર્ણ લાગશે...

# શહેરમાં વધુ ૮ પ્રચાર મંડપો હટાવાયા

## રાજકીય આગેવાનોએ માર્ગ-મકાન વિભાગની મંજૂરીના પત્રો રજુ કર્યા : તંત્રએ પણ આ બાબતે ચકાસણી હાથ ધરી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં સરકારી જમીનો પર મંડપ રોપી બનાવાયેલા પ્રચાર કાર્યાલયો સામે ગઈકાલથી તંત્રએ કરેલી લાલ આંખ પછી આજે પણ પૂર્વ મંજૂરી વિના ઉભા કરાયેલા આવા મંડપો દૂર કરવાની કાર્યવાહી ચાલુ રખાઈ હતી.

શહેરના વિવિધ વિસ્તારોમાં ઉમેદવારોના ફોટા સાથે લગાવાયેલા હોર્ડિંગ્સ પણ દૂર કરવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે આજે વોર્ડ નં. ૧ થી ૪માં આજે ચાર જેટલા મંડપો દૂર કરવામાં આવ્યા છે. તો વોર્ડ નં. ૫ થી ૮માં પણ ચાર એમ કુલ ૮ જેટલા મંડપો દૂર કરવામાં આવ્યા છે.

કેટલાક ઉમેદવારોએ કરેલી રજુઆત પછી માર્ગ-મકાન વિભાગે પ્લોટ અને મેદાનો ભાડે આપવા અંગેની મંજૂરી મેળવાઈ હોવાનું જણાવતાં અધિકારીઓએ આ અંગે સરકારના પરિપત્રની જોગવાઈઓની ચકાસણી કરતાં આવી મંજૂરી આપવામાં આવતી હોવાનું જણાતાં મંડપો દૂર કરવાની કામગીરી ધીમી પણ પડી છે.

બીજી તરફ તંત્રએ શહેરના વિવિધ વિસ્તારોમાંથી હોર્ડિંગ્સ, બેનર, પોસ્ટરો લગભગ ૧૬૮૦ જેટલા આચારસંહિતા અમલી બન્યા બાદ દૂર કર્યા છે. હજુ પણ આ કાર્યવાહી ચાલુ હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન તંત્ર હવે ખાનગી અને જાહેર સ્થાનો પર લાગેલા પક્ષના ધ્વજ તેમજ પતાકાઓને દૂર કરવા માટે કાર્યવાહી કરવાનું વિચારી રહેલ

### નોડલ ઓફિસરોની નિમણુંકમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે અગાઉ નિયુક્ત કરાયેલા નોડલ ઓફિસરોની નિમણુંકોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આચારસંહિતાના નોડલ ઓફિસર તરીકે મુકાયેલ શ્રી અંતાણી રજા પર જતાં તેમની જગ્યા પર કલોલના પ્રાંત અધિકારી શ્રી પાડલિયાની નિમણુંક કરવામાં આવી છે. જ્યારે ખર્ચ મોનીટરીંગ માટે નિમાયેલા નોડલ ઓફિસર શ્રી દર્શનભાઈ દવેની જગ્યાએ મેહુલભાઈ છત્રીવાળાને ખર્ચ મોનીટરીંગના નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

### ચાર સ્થાનો પર મતદાર સહાયતા કેન્દ્રો ૨૨મીથી કાર્યરત કરાશે

ગાંધીનગર, તા. ૧૮

મતદારોને મતદાન માટેની કોઈ તકલીફ ના પડે તે માટે તંત્ર દ્વારા ૨૨મી એપ્રિલથી ચાર જેટલા મતદાર સહાયતા કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય જિલ્લા તંત્રએ કર્યો છે.

મતદારોને તેમને ક્યાં મતદાન કરવાનું છે તેમજ કયા મતદાન મથકમાં આવેલા છે તેની સમજ આપવામાં આવશે. આ ઉપરાંત ચૂંટણી કાર્ડ તેમજ અન્ય કયા પ્રકારના પુરાવા મતદાન વેળાએ રજુ કરી શકાશે તેની પણ જાણકારી આપવામાં આવનાર છે.

તંત્રએ સે. ૨૨માં મનપાની વિભાગીય કચેરીના જનસેવા કેન્દ્ર ઉપરાંત એમ.એસ. બિલ્ડીંગ, સે. ૭ની વોર્ડ કચેરી તેમજ સે. ૨૮ની વોર્ડ કચેરી ખાતે આ કેન્દ્રો કાર્યરત કરાશે.

આ મતદાર સહાયતા કેન્દ્રો સવારે ૧૦.૩૦ થી સાંજના ૬.૧૦ સુધી કાર્યરત રહેશે.

પહેલીવાર પંચ દ્વારા મતદાનના બે દિવસ પૂર્વે આવા મતદાર સહાયતા કેન્દ્રો કાર્યરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# નવા સેકટરોમાં પાણી ફોર્સથી નહીં આવતા રહીશોને હાલાકી

## કાળઝાળ ગરમીમાં સે-૧ થી ૩ સહીતના વિસ્તારોમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી પાણીનો ફોર્સ ઘટયો હોવાની બુમ

ગાંધીનગર તા ૧૮

શહેરમાં આકરા ઉનાળે પાણીની પોકાર ઉઠવા પામી છે. સેકટરોમાં પાણી વિતરણ માટે નવી વિતરણ વ્યવસ્થા ગોઠવાયા બાદ પાણીના પ્રશ્નનુ નિરાકરણ આવ્યુ હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. જયારે ગરમીનો પારો ઉંચો આવતા નવા સેકટરોમાં ફરી એકવાર પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. સેકટરોના રહીશોએ ફોર્સથી પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવા માટે પ્રબળ માંગ કરી છે.

શહેરના જુના તેમજ નવા સેકટરોમાં અગાઉ જુદા જુદા સમયે પાણીનુ વિતરણ કરવામાં આવતુ હતુ. અગાઉ સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે નવા સેકટરોમાં પાણીની નવી ટાંકી પણ બનાવાઈ હતી. નવી વિતરણ વ્યવસ્થાના આધારે સેકટરોમાં કોમન સપ્લાય આપવાની શરૂઆત કરવામાં આવી હતી. જેના લીધે આજે પણ સેકટરોમાં હવે એક જ સમયે કોમન સપ્લાય આપવામાં આવે છે. ઉનાળા દરમિયાન શહેરમાં દરરોજ ૫૫ એમ એલ ડી પાણી પુરવઠો તંત્ર દ્વારા સપ્લાય કરવામાં આવે છે. ગરમીની ઋતુમાં શહેરમાં પાણીનો વપરાશ ૫ થી ૧૦ એમ એલ ડી જેટલો વધી જાય છે. જેના લીધે તંત્ર દ્વારા પણ પાણી પુરવઠાનો સપ્લાય વધારી દેવામાં આવે છે. નવા સેકટરોમાં સમયાંતરે પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જો કે કેટલાક કીસ્સામાં નિચાણવાળા વિસ્તારના લીધે પણ આ સમસ્યા ઉદભવતી હોવાનુ મનાઈ રહયુ છે. શહેરના નવા સેકટરોમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણીની પોકાર ઉઠવા પામી છે.સે-૧ થી ૩ સહીતના વિસ્તારોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. ત્યારે સ્થાનિક રહીશો દ્વારા પાણી ફોર્સથી મળે તેવી વ્યવસ્થા કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ૫૦ ટકાથી પણ વધુ ઉમેદવારોએ તેમના પ્રથમ તબક્કાના હિસાબો રજુ કર્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં ખર્ચ નિયંત્રણ માટે નોડલ ઓફિસર સમક્ષ આજે ૪૦ જેટલા ઉમેદવારોએ જ તેમના હિસાબો રજુ કર્યા હતા. જો કે ઉમેદવારોએ તેમના પ્રથમ તબક્કાના ખર્ચમાં ૨૦ હજાર સુધીનો ખર્ચ બતાવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ઉમેદવારી પત્ર પાછા ખેંચાઈ ગયા બાદ ચાર ચાર દિવસે ખર્ચ રજુ કરવાનો હોય છે આજે પ્રથમ વખત ઉમેદવારો દ્વારા તેમના હિસાબો રજુ કરાયા હતા.

કેટલાક કિસ્સામાં નિયત કરાયેલા રજીસ્ટરો ઉમેદવારોને નહિ મળ્યાની રજુઆત પણ તંત્રના અધિકારીઓને કરવામાં આવી હતી. તો કેટલાક તો સાદા કાગળમાં જ હિસાબો રજુ કરતા અધિકારીઓએ નિયત રજીસ્ટરમાં વ્યવસ્થિત રીતે રજુ કરવા જણાવ્યુ હતુ.

નિયત રજીસ્ટરો નહિ મળ્યાની ફરિયાદ તંત્રના અધિકારીઓને કરવામાં આવી હોવાનું પણ કેટલાક ઉમેદવારોએ જણાવ્યું હતું. જો કે આજે રજુ થયેલા ઉમેદવારોના હિસાબોમાં છ થી સાત જેટલા ઉમેદવારોએ જ નિયત નમુના મુજબના હિસાબો રજુ કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

ગુજરાત બંધની અસર - ગુજરાત બંધના એલાનને ગાંધીનગર શહેરના બજારોમાં નહિવત પ્રતિસાદ હતા જ્યારે કુડાસણ વિસ્તારના શોપીંગ કોમ્પલેક્ષમાં બંધ જડબેસલાક પળાયો હતો....

# બંધના એલાનને અનુલક્ષી ગ્રામ્ય વિસ્તારની બસોના પૈડા થંભાવી દેવાયા

ગાંધીનગર તા ૧૮

પાટીદાર આંદોલન સમિતિ દ્વારા આજે જાહેર કરાયેલા ગુજરાત બંધના એલાનના લીધે ગાંધીનગર ડેપો દ્વારા ગ્રામ્ય વિસ્તારની બસોના પૈડા થંભાવી દેવાયા હતા. જેમાં ખાસ કરીને કલોલ તેમજ માણાસા રૂટની બસો બંધ રહી હતી. ઉત્તર ગુજરાતના રૂટની પણ બસો બંધ રાખવામાં આવી હતી. જો કે શહેરી બસ સેવા રાબેતા મુજબ ધમધમતી જોવા મળી હતી.

પાટીદાર સમુદાયના જેલમાં રહેલા નેતાઓને મુક્ત કરવા અને પાટીદારોને અનામત આપવાની માંગણીને અનુલક્ષી પાટીદારો દ્વારા જેલ ભરો આંદોલન કરવામાં આવ્યુ હતુ. જયારે મહેસાણા અને સુરત સહીતના શહેરોમાં આ આંદોલનન હીંસક બનતા તોફાન શરૂ થઈ ગયા હતા. જયારે જેલ ભરો આંદોલન તોફાની બન્યા બાદ પાટીદાર સમિતિ દ્વારા આજે સમગ્ર ગુજરાત બંધનુ એલાન આપવામાં આવ્યુ હતુ. બંધના એલાન અન્વયે બસ સેવા પણ વિશેષ રૂપે પ્રભાવિત થઈ હતી. ગઈકાલે પણ મહેસાણામાં તોફાન થતા ગાંધીનગર ડેપોમાં મહેસાણા તરફ જતી બસોને અટકાવી દેવામાં આવી હતી. જેના લીધે મુસાફરોને હાલાકી વેઠવી પડી હતી. જયારે આજે ડેપો દ્વારા ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારની બસોના પૈડા થંભાવી દેવામાં આવ્યા હતા. જિલ્લાના માણસા તેમજ કલોલ વિસ્તારની બસો બંધ રાખવામાં આવી હતી. જયારે દહેગામ તેમજ શહેરી રૂટની બસ સેવા યથાવત રહી હતી. ઉત્તર ગુજરાતના રૂટની બસો પણ બંધ રહી હતી. બંધના દિવસે તોફાની હરકત

● અનુસંધાન પાન-૭ પર

### આવતીકાલ સાંજ સુધી તંત્રને એલર્ટ રહેવા જિલ્લા કલેક્ટરની સૂચના

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં મહેસાણાની ઘટનાને પગલે કાલ સાંજ સુધી તમામ તંત્રને હાઈ એલર્ટ રહેવા માટેની સૂચના જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે આજે આપી છે. આજે સાંજે જિલ્લાના અધિકારીઓ સાથે યોજેલી સમીક્ષા બેઠકમાં આ હાઈએલર્ટની સૂચનાઓ આવી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે તાકીદ કરવામાં આવી હતી.

આજે ગુજરાત બંધને પગલે જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી પરંતુ હજુ વધુ ૨૪ કલાક માટે સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા કલેક્ટરે જણાવ્યું છે.

દહેગામમાં બંધની અસર જોવા મળી હતી તો કલોલ માણસામાં મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર શહેર અને તાલુકામાં પણ બંધની મિશ્ર અસરો જોવા મળી હતી.





(તસવીર : કશ્યપ નિમાવત)

ગરમી અને ગોગલ્સ - આકરા ઉનાળામાં સુરજના તાપથી આંખને રક્ષણ આપવા ગોગલ્સ હવે અનિવાર્ય બનતા જાય છે... ઉનાળાના આરંભથી શહેરના માર્ગો પર ગોગલ્સના છૂટક વેચાણ કેન્દ્રો શરૂ થઈ ગયા છે... ખાસ કરીને દ્વિચક્રી વાહન ચાલકો માટે ગોગલ્સની જરૂરિયાત વધુ સર્જાતી હોય છે... અવનવી ફ્રેમમાં મઢાયેલા અને લેટેસ્ટ ડિઝાઈનવાળા ગોગલ્સ માટે યુવાનોનું આકર્ષણ હોય છે... ઉનાળામાં ખાસ કરીને ડાર્ક બ્લેક અથવા ડાર્ક ગ્રીન કલરના ગોગલ્સ આંખોને ઠંડક આપતા હોવાથી વધુ પસંદ કરવામાં આવતા હોય છે...

# પાટીદાર સમુદાયના અમુક મુદ્દાઓ અંગે મોવડીમંડળ સાથે ચર્ચા કરીશુ : નિતીનભાઈ

ગાંધીનગર, તા. ૧૮

પાટીદાર અનામત આંદોલનનો ઉકેલ લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કેટલાક પ્રશ્નો ઉકેલવામાં આવ્યા છે અને કેટલાક પ્રશ્નો મોવડીમંડળ સાથે ચર્ચા કર્યા બાદ ઉકેલવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે એમ રાજ્ય સરકારે રચેલ મંત્રીઓની સમિતિના અધ્યક્ષ નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું.

પાટીદારો સાથેની બેઠક બાદ એક પત્રકાર પરિષદને સંબોધતા રાજ્યના સીનીયર મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે પાટીદાર સંસ્થાઓ અને સમાજના આગેવાનો સાથે મળેલી બેઠકમાં આગેવાનોએ પાસના ૨૭ મુદ્દાઓ અને એસપીજીના ૩૧ મુદ્દાઓ રજુ કરેલ તેના પર ચર્ચા કરી હતી અને કેટલાક મુદ્દાઓ પર સરકારે નિર્ણય લઈને અમલ શરૂ કર્યો છે અને કેટલાક મુદ્દાઓ પર ચર્ચા કરીને સરકાર આ મુદ્દાઓ ઉકેલવાની દિશામાં આગળ વધી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે અગાઉ પાટીદારો સામે જે કેસો થયા હતા તે તમામ કેસો પાછા ખેંચવામાં આવ્યા છે અને હાર્દિક પટેલ સહીતના જે યુવાનો જેલમાં છે તેમને મુક્ત કરવા સમાજના આગેવાનો જે લાગણી વ્યક્ત કરવામાં આવી છે. તેમાં આ યુવાનોને જામીન મળે તે માટે લાગણી વ્યક્ત કરાઈ છે.

તેમણે જણાવ્યું હતું કે આગેવાનો પાસેથી જે મુદ્દાઓ મળ્યા છે અને ચર્ચા થઈ છે તે અંગે સમિતિ મુખ્યમંત્રીને મળીને રજુ કરશે. અને

● અનુસંધાન પાન-૭ પર

### હાર્દિક પટેલ સહિતના યુવાનોને જેલમુક્ત કરવા પાટીદાર સમાજના આગેવાનોની રજુઆત

ગાંધીનગર, તા. ૧૮

પાસના ચાર યુવા આગેવાનોને જેલ મુક્ત કરવામાં આવે તેવી સ્પષ્ટ રજુઆત અને માંગણી આજે પાટીદાર આગેવાનોએ રાજ્ય સરકારે રચેલી મંત્રીઓની પેટા સમિતિ સમક્ષ કરી હતી.

મંત્રીઓની પેટા સમિતિ અને પાટીદાર આગેવાનો વચ્ચે યોજાયેલી મંત્રણા બેઠક બાદ પાસ તરફથી મધ્યસ્થી કરી રહેલા સુરતના આગેવાન મુકેશ પટેલે એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે આજે સમિતિ સમક્ષ અમે પાસ અને એસ.પી.જી.ના મુદ્દાઓ રજુ કર્યા છે. જેમાં કેટલાક મુદ્દાઓ પર રાજ્ય સરકારે ઉકેલવાની દિશામાં હકારાત્મક વલણ અપનાવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે સમાધાન માટેનો નિર્ણય પાસ અને એસપીજીના આગેવાનોએ કરવાનો છે. અમે હાર્દિકને મળીને સરકાર સમક્ષ મુકેલી વાતો અને સરકાર તરફથી મળેલ મુદ્દાઓ જણાવીશુ.

પ્રાણ પ્રિય પ્રશાંતને...
૮મી વાર્ષિક સ્મૃતિએ...
પુષ્પાંજલિ



અકસ્માતે એક અનોખુ
વ્યક્તિત્વ રહેસાય ગયું.
મધ્યાને, પૃથ્વી પર જાણે
ઘોર અંધારૂ છવાય ગયું.
: પળે પળે પ્રશાંતના સંભારણાને વાગોળતા :
પાયલ, જય, ચાર્મી,
ભાવના સુરેશ સરડવા
સુશીલા બ્રિજેશ મેરજા
રિન્કુ સન્ની મેરજા
રેખા રમેશ મેરજા
વજીબા અમરશી મેરજા
ડૉ.પ્રશાંત બ્રિજેશ મેરજા
જન્મ તા.૦૨-૦૫-૮૫થી સદાકાળ
ધી કેપીટલ વિલા, ૩૫૩,
સેક્ટર-૮, ગાંધીનગર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત
ઘરો માટે
UltraTech
SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com